**ATUL VIDYALAYA**
**FIRST PRELIM EXAMINATION 2012 - 13**
**GUJARATI (SECOND LANGUAGE)**

**STD : X** **[TYPE-A]** **M.M : 80**
**Date :** **Time: 3 Hrs.**
**Session : I**

***Answers to this paper must be written on the paper provided separately.***
***You will not be allowed to write during the 15 minutes.***
***This time is to be spent in reading the question paper.***
***The time given at the head of this paper is the time allowed for writing the answer.***
***Write the code number of your question set on the write handconer of your answer booklet.***

***This paper comprises of two sections; Section A and Section B.***
***Attempt all the questions from Section A.***
***Attempt four questions from section B, answering at least one question each from the two books you have studied and any two other question.***
***The intended marks for questions or part of questions are given in brackets [ ].***

## વિભાગ- અ {40}

**Question 1.**

નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૫)

(૧) શાળાઓમાં આયોજન કરવામાં આવતા સાંસ્કૃતિક અને વિજ્ઞાનમેળાનું મહત્વ
(૨) તિથલના દરિયા કિનારે મેં વિતાવેલ શરદ પૂર્ણિમાની એક રાત
(૩) 'વખાણેલી ખીચડી દાંતે વળગે' આ વિષય ઉપર એક ટૂંકી વાર્તા લખો.
(૪) જો તમે વલસાડ જિલ્લાના ક્લેક્ટર બનો તો સામાન્ય માણસના જનજીવનમાં કયા સુખદ સુધારા લાવશો તેની ચર્ચા કરતો નિબંધ લખો.
(૫) નીચે આપેલું ચિત્ર જુઓ. આ ચિત્ર શું સુચવે છે ? આ ચિત્રના વર્ણન સાથે તમારા મનમાં ઉઠતા ભાવોને વર્ણવો.



**Question 2.**

નીચેનામાંથી કોઈપણ એક વિશે પત્ર લખો. (૭)

(૧) તમારા બેંક ખાતાની પાસબુક ખોવાઇ ગઈ છે. નવી પાસબુક કાઢી આપવાની વિનંતી કરતો પત્ર લખો.

(૨) વિદેશમાં વસવાટ કરતા મિત્રને નવરાત્રિના તહેવારનું મહત્વ સમજાવી, તે મનાવવા માટે તમારા ઘરે આવવાનું આમંત્રણ આપતો પત્ર તમારા મિત્રને લખો.

**Question 3.**

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.(૧૦)

ભગવાન બુદ્ધનો ઉપદેશ બહુ પ્રભાવશાળી હતો. તેમનો ઉપદેશ સાંભળી ઘણા યુવાનો સંસાર ત્યજી દેતા, બૌદ્ધ ધર્મ અંગીકાર કરતા અને સંઘમાં જોડાતા. આ રીતે એક યુવાન સંઘમાં જોડાયો. સંઘમાં જોડાયો તે પહેલાં યુવાને સંગીતની ભારે સાધના કરી હતી. સંગીતમાં એ નિપુણ થયો હતો, પણ સંસાર છોડવા સાથે તેણે સંગીત પણ છોડી દીધું.

સંગીત ત્યજી દેનાર આ યુવાનની વાત ભગવાન બુદ્ધને કાને આવી. ભગવાન બુદ્ધ ઉત્તમ ગુરુ અને ઉપદેશક તો હતા જ, તે ઉપરાંત તેઓ ઊંચી કોટિના કલાકાર અને કલામર્મજ્ઞ પણ હતા. તેમણે સંગીતની તાલીમ લીધી હતી અને તેઓ ઘણાં વાજિંત્રો વગાડી શકતા. ભગવાન બુદ્ધ પેલા યુવાન કલાકારના નિવાસસ્થાને ગયા. યુવાનના ઘરની દીવાલ પર વીણા લટકતી હતી. વીણા પર ધૂળ ચડી ગઈ હતી. ભગવાન બુદ્ધે વીણા તરફ આંગળી ચીંધી અને પૂછ્યું, 'આ વીણા હું વગાડી શકું?' યુવાનને આશ્ચર્ય થયું. તેણે વીણા ઉતારી, તેના પરની ધૂળ ઝાટકીને વીણા સાફ કરી અને વીણા ભગવાનના હાથમાં મૂકી.

ભગવાન બુદ્ધે વીણા આમતેમ ફેરવી અને પછી એના તાર ઢીલા કરવા માંડ્યા. તાર એટલા બધા ઢીલા કર્યા કે તે લગભગ લબડવા લાગ્યા. યુવાનનો સંગીતજ્ઞ જીવ કકળી ઊઠ્યો. એણે વ્યગ્ર થઈ કહ્યું, 'ભગવંત, તાર આટલા ઢીલા હોય તો વીણા વાગી ન શકે. તાર તંગ હોવા જોઈએ.' ભગવાને ચાવીઓ ફેરવીને તાર તંગ કરવા માંડ્યા. એમણે તાર એટલા બધા તંગ કર્યા કે યુવાનને લાગ્યું કે તાર હમણાં જ બટકી જશે. એ બોલી પડ્યો, 'ભગવંત, હવે રહેવા દો, તાર તૂટી જશે. તાર આટલા બધા તંગ હોય તો વીણા બરાબર વાગી ન શકે.'

ભગવાન બુદ્ધે સ્મિત કર્યું, 'ભાઈ, તાર એકદમ ઢીલા હોય તો વીણા વાગી ન શકે. તાર અત્યંત તંગ હોય તોય વીણા વાગી ન શકે. તાર મધ્યમસર તંગ હોય તો જ વીણા બરાબર વાગી શકે. આત્યંતિક માર્ગ ખોટો છે. મધ્યમ-માર્ગ અપનાવવો જોઈએ. જીવન-પોષક અને નિર્દોષ આનંદો છોડવાનું મેં કદી કહ્યું નથી. મધ્યમસર આનંદો સેવવામાં કશું ખોટું નથી.'

સંસારનો આત્યંતિક ત્યાગ કરી કષ્ટ વેઠવું ખોટું છે. એ જ રીતે પૂરેપૂરા રચ્યાપચ્યા રહી સંસારમાં ગરકાવ થઈ જવું તે પણ ખોટું છે. વિવેકપૂર્વક મધ્યમ-માર્ગે ચાલવું એમાં જ શ્રેય છે.

પ્રશ્નો ઃ

(૧) યુવાન સંસાર અને સંગીત કેમ છોડી દે છે ? (૨)

(૨) ભગવાન બુધ્ધે જ્યારે વીણાના તાર તંગ કર્યા ત્યારે યુવાન શું કહે છે ? શા માટે ? (૨)

(૩) ભગવાન બુધ્ધે જ્યારે વીણાના તાર ઢીલા કર્યા ત્યારે યુવાન શું કહે છે ? શા માટે ? (૨)

(૪) ભગવાન બુધ્ધ વિશે લખો. (૨)

(૫) આ પરિચ્છેદ પરથી શી શીખ મળે છે ? (૨)

**Question 4.**

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના અનુસાર લખો. (૮)

(૧) લીટી દોરેલા શબ્દોની જગ્યાએ યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાકય ફરીથી લખો. (૧)

→ વાર્તાનાયક જ્યારે બેલીના વાડામાં પ્રવેશ કરે છે ત્યારે તે જાણ્યું ન જાણ્યું કરતી પોતાના કામમાં મશગુલ રહે છે.

(૨) લીટી દોરેલા શબ્દોની જગ્યાએ યોગ્ય કહેવત વાપરી વાકય ફરીથી લખો. (૧)

→ મોંઘવારીના મારમાં ફસાયલો આજનો નોકરીયાત વર્ગ પગાર વધારા પછી પણ પ્રગતિ કર્યા વગરનો હતાં ત્યાં ને ત્યાં જ રહી જાય છે.

(૩) નીચે આપેલી કહેવતનો અર્થ લખી સાર્થક વાકય બનાવો. (૧)

→ ગરજ સરી એટલે વૈધ વેરી

(૪) નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ લખી સાર્થક વાકય બનાવો. (૧)

→ પાણી વગરનું

(૫) નીચે આપેલા શબ્દનો દ્વિ-અર્થ લખો.

→ સર , ભાત (૧)

(૬) નીચે આપેલા શબ્દસમૂહમાટે એક શબ્દ લખો. (૧)

→ થાક લાગ્યા સિવાય

મટકું માર્યા વગર

(૭) નીચે આપેલી ખાલીજગ્યામાં લીટી દોરેલાં શબ્દનો વિરોધી શબ્દ લખો. (૧)

→ ભારત કપાસની <u>નિકાસ</u> કરે છે જ્યારે ખનીજ તેલની _______ કરે છે.

(૮) લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલી વાકય ફરીથી લખો. (૧)

→ <u>લેખકે</u> રીંગણનું શાક ખુબ હોંશભેર ખાધું.

## વિભાગ - બ {40}

Attempt ***four*** questions from this Section.
You must answer at lest one question from each of the two books.
Each question has total **Ten (10)** Marks.
The intended marks for the questions or the part of the questions are given in the bracket.

### <u>આત્મકથા</u>

**Question 5.**
નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)

Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

'નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસમાં ' જોકે સંસ્થાનોમાં જન્મ પામેલા હિંદીઓએ પ્રવેશ કર્યા હતો, મહેતા વર્ગ દાખલ થયો હતો, છતાં તેમાં છેક મજૂર, ગિરમિટિયા વર્ગએ પ્રવેશ નહોતો કર્યો.

'બાલાસુંદરમ'

(૧) કેવી હાલતમાં બાલાસુંદરમ ગાંધીજી સમક્ષ આવીને ઊભો રહે છે ? [2]
(૨) મૅજિસ્ટ્રેટ ગુસ્સે શા માટે થાય છે ? તે શો હુકમ કરે છે ? [2]
(૩) ગાંધીજી ગિરમિટિયાના બધું કેવી રીતે બન્યા ? [3]
(૪) બાલાસુંદરમને છોડાવવાના કયા બે ઈલાજ હતા ? [3]

**Question 6.**
નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

કેશ પુરો થયો એટલે પ્રિટોરિયામાં રેહવાનું મને પ્રયોજન ન રહ્યું. હું ડરબન ગયો.ત્યાં જઈ હિંદુસ્થાન પાછા ફરવાની તૈયારી કરી.

'કો જાને કલ કી'

(૧) મેળાવડો શા માટે રાખવામાં આવ્યો હતો ? છાપામાં ગાંધીજી શું વાંચે છે ? તેનો શો અર્થ ? [2]
(૨) શેઠ ગાંધીજીને ભણેલા નૌજવાન હિંદીઓ વિશે શું કહે છે ? [2]
(૩) ગાંધીજી વધુ એક માસ રોકાવવાનો નિર્ણય કરે છે - કેમ ? [3]
(૪) આ વિરામને આધારે ગાંધીજીના વ્યક્તિત્વની ચર્ચા તમારા શબ્દોમાં કરો. [3]

**Question 7.**

નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

મહાસભા (કૉંગ્રેસ) નું નામ કૉન્ઝરવેટિવ (પ્રાચીન) પક્ષમાં અળખામણું હતું , એ હું જાણતો હતો. પણ મહાસભા હિંદનો પ્રાણ હતી. તેની શક્તિ વધવી જોઈએ.

'ના.ઈન્ડિયન કૉંગ્રેસમાં'

(૧) નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ સંસ્થાના જન્મ, બંધારણ, તથા લાવાજમ વિશે લખો. [2]
(૨) ટૉંગોટમાં કયો બનાવ બને છે ? [2]
(૩) 'શુધ્ધ હિસાબ વિના શુધ્ધ સત્યની રખેવાળી અસંભવિત છે ' આ વિધાન કોણ બોલે છે ? કયા સંદર્ભમાં ? [3]
(૪) આ સંસ્થાના મુખ્ય ધ્યેય કયા-કયા હતા ? [3]

## ધુમકેતુના વાર્તારત્નો

**Question 8.**

નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

'હવે તો કરવા બેઠા જ છીએ નાં ? પણ કેશીનું મન માનવું જોઈએ નાં ? જસતો બોલ્યો. 'એને શું વળી ?' મને નવાઈ લાગી. એટલામાં અંદરના બારણામાંથી કોઈનો હાથ મને બોલાવતો હોય તેમ લાગ્યું.

(૧) કરિયાણા વેપારીને કઈ વાતનો ડર હતો ? તે શું ઈચ્છતો હતો ? [2]
(૨) યુગલની ફારગતિમાં કોનો વાંક હતો ? કેશીને તમે દોષિત ગણી શકો ? [2]
કેશીએ પોતાની દૃઢતા શી રીતે બતાવી ? [2]
(૪) છેલ્લા નિર્ણયથી કોની હાર થઈ ? કોની જીત થઈ ? [2]

**Question 9.**

નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

કિશોરીલાલ ચા કરવા બેઠો, ત્યારે તેની આંખમાંથી આંસુ નીકળી પડયાં. ચા કરવાનો અનુભવ એને બિલકુલ નહિ. અને એમાં ચૂલાનો ધુમાડો આખી ઓરડીમાં ભરાઈ જતાં એની આંખ આંસુથી છલકાઈ ગઈ.

**'પરિવર્તન'**

(૧) કોણ ઘર છોડીને ભાગી જાય છે ? એ એના મનમાં શું નિર્ણય લે છે ? [2]
(૨) જાહેર ખબર વાંચીને દંપતીની આંખોમાં આંસુ ભરાઈ આવે છે - શા માટે ? [2]
(૩) કિશોરના પાડોશી તેની શી કાળજી રાખતા હતાં ? [3]
(૪) આજના કિશોર - કિશોરીઓને આ પ્રસંગ પરથી શો બોધ મળે છે ? [3]